# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

વિષય :– કસ્ટમ ડ્યુટી/સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી માફીના લાભ અંગે....

સંદર્ભ :– આ યુનિવર્સિટીના પરીપત્ર ક્રમાંક :૨૫/૨૦૧૧ નં.યુજીસી/૪૨/૫૯૪/૨૦૧૧ તા. ૨૮/૦૧/૨૦૧૧

પરિપત્ર ક્રમાંક :– ૬૨ /૨૦૧૫

આ યુનિવર્સિટીના તમામ શાખાધ્યક્ષશ્રીઓ, અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીઓ તેમજ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે ભારત સરકારશ્રીના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલયના વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક અનુસંધાન વિભાગ, નવી દિલ્હી દ્વારા તા.૨૩–૭–૯૬ના જાહેરનામા ક્રમાંક: ૫૧/૯૬–કસ્ટમ્સ તથા તા.૧–૩–૯૭ના જાહેરનામા ક્રમાંક : ૧૦/૯૭–સેન્ટ્રલ એક્સાઈઝની અમલી જોગવાઈઓના સંદર્ભમાં કસ્ટમ્સ ડ્યુટી અને સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી માફી મેળવવાપાત્ર સંશોધન સંસ્થા તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના નામની તા. ૦૧–૦૯–૨૦૧૦ થી તા. ૩૧–૦૮–૨૦૧૫ સુધી પુનઃનોંધણી કરવામાં આવેલ છે.

આ સંદર્ભમાં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક અનુસંધાન વિભાગ, નવી દિલ્હીના Scientist –F તરફથી મળેલ તા.૧૯–૧–૨૦૧૧ના પત્રક્રમાંક:TU/V/RG-CDE(1007)/2010, અરજીપત્ર અને અર્ધવાર્ષિક રીટર્ન મોકલવા માટેના નિયત નમૂનાની નકલ આ સાથે મોકલી આપેલ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટીને ઉપરોક્ત વિગતે મળેલ કસ્ટમ ડ્યુટી અને સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી માફીનો લાભ સંલગ્ન કોલેજો અને માન્ય સંશોધન સંસ્થાઓને પણ મળવાપાત્ર થાય છે. આ લાભ મેળવતી તમામ કોલેજો/સંસ્થાઓએ વિદેશથી આયાત કરેલ ડ્યુટી ફ્રી ખરીદીની વિગતવાર માહિતી નિયત નમૂનાના પત્રકમાં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક અનુસંધાન વિભાગ, નવી દિલ્હીના Scientist –F વિભાગને દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈની દશમી તારીખ સુધીમાં અચૂક મોકલી આપી તેની એક નકલ યુનિવર્સિટી કાર્યાલયને આપવાની હોય છે.

ઉપરોક્ત બાબતે તા. ૩૧/૦૮/૨૦૧૫ તેની સમય મર્યાદા પૂર્ણ થતી હોઈ તેને રીન્યુ કરાવવા માટે નિયત નમૂનામાં માહીતી ભરીને મંત્રાલયને મોકલી આપવાની હોવાથી તા. ૨૮/૧/૨૦૧૧ પછી આપે કસ્ટમ ડ્યુટી અને સેન્ટ્રલ એકસાઈઝ ડ્યુટી માફીનો લાભ લીધલે હોયતો તે અંગેના આધાર પુરાવા સહીત અને રજીસ્ટ્રારશ્રીના સહી સિકકાવાળી નકલો યુજીસી શાખાને તા. ૧૫/૬/૨૦૧૫ સુધીમાં અચૂક મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

આ બાબતને ટોચ અગ્રતા આપી, જેની સર્વેએ ખાસ નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

(ડૉ. ડી. સી. પટેલ)
કા. કુલસચિવ

ક્રમાંક : યુજીસી/ ૪૨ / ૯૨૫ /૨૦૧૫
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પાટણ–૩૮૪૨૬૫
તા. ૧૩/૦૫/૨૦૧૫

પ્રતિ,

૧. યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોના તમામ અધ્યક્ષશ્રીઓ
૨. તમામ શાખાધ્યક્ષશ્રીઓ
૩. યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજો/માન્ય સંશોધન સંસ્થાઓના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ
૪. સીસ્ટમ એનાલીસ્ટશ્રી – યુનિવર્સિટી વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતીસહ